# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

1. રાજ્ય સરકાર દ્વારા NEP-૨૦૨૦ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી ધોરણ-૯માં PARAKH-NCERT દ્વારા તૈયાર કરવામાં આવેલ Holistic Progress Card (HPC)નો અમલ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.
2. જે માટે સૌપ્રથમ દરેક જિલ્લાઓની ૧૦% સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પાયલોટ પ્રોજેક્ટ માટે પસંદ કરવામાં આવશે.
3. Holistic Progress Card (HPC) દ્વારા વિદ્યાર્થીઓનું ૩૬૦° મૂલ્યાંકન કરવામાં આવશે. જે મૂલ્યાંકનની એક નવી પદ્ધતિ છે. જેમાં પરીક્ષાના ગુણ ઉપરાંત વિદ્યાર્થીના સર્વાંગી વિકાસનું મૂલ્યાંકન થશે. HPCમાં વિદ્યાર્થીનું સ્વ-મૂલ્યાંકન, સહાધ્યાયી, માતા-પિતા (વાલી) અને શિક્ષક દ્વારા મૂલ્યાંકન કરવામાં આવશે.
4. HPC (Holistic Progress Card)માં અલગ અલગ વિભાગો આપવામાં આવેલ છે.
   - વિભાગ-Aમાં સ્વમૂલ્યાંકન હેઠળ સામાન્ય માહિતી, સમય વ્યવસ્થાપન, શાળા શિક્ષણ પછીનું આયોજન, વિદ્યાર્થીની સિદ્ધિઓની યાદી તથા વિદ્યાર્થીએ મેળવેલ જીવન કૌશલ્યો જેવા અગત્યના વિભાગો આપવામાં આવેલ છે. જેનાથી વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ, સર્જનાત્મકતા, વિચારશક્તિ જેવા વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય છે.
   - વિભાગ-Bમાં જૂથ પ્રોજેક્ટ કાર્યનો સમાવેશ કરવામાં આવેલ છે. જેનાથી વિધ્યાથીઓમાં નેતૃત્વશક્તિ, ટીમવર્ક, સામાજિક વર્તન જેવા ગુણોનો વિકાસ થાય છે.
   - વિભાગ-Cમાં સમસ્યા આધારિત અન્વેષણનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં વિદ્યાર્થી તેની આસપાસના પર્યાવરણમાંથી કોઈ એક વાસ્તવિક સમસ્યા પસંદ કરી તેનો ઉકેલ શોધવા માટે વ્યક્તિગત રીતે પ્રયાસ કરે છે. આમ, આ વિભાગમાં વિદ્યાર્થીની નેતૃત્વ શક્તિ, નિર્ણય શક્તિ, માહિતીનું વિશ્લેષણ તથા ઉકેલ શોધવાની ક્ષમતા વિકસે છે.
   - વિભાગ-Dમાં શિક્ષક દ્વારા વિદ્યાર્થીના વર્તનનું વર્ગખંડ પ્રવૃત્તિ દરમિયાન અવલોકન કરવામાં આવે છે.
   - વિભાગ-Eમાં વિદ્યાર્થીએ વર્ષ દરમિયાન કરેલ ઓનલાઈન અભ્યાસક્રમનો સમાવેશ કરવામાં આવેલ છે. જેના કારણે વિદ્યાર્થીઓ સાંપ્રત પ્રવાહોના જાણકાર બને છે.
   - વિભાગ-F હેઠળ વિદ્યાર્થીએ જૂથ પ્રોજેક્ટ કાર્ય, સમસ્યા આધારિત અન્વેષણ, વર્ગખંડ આંતરક્રિયા, કૌશલ્ય તાલીમ અને ઓનલાઈન અભ્યાસક્રમ માટે વિતાવેલ કલાકોની સંખ્યા નોંધવામાં આવે છે. જેના આધારે વિદ્યાર્થીની સક્રિયતા વધે છે.
5. દર વર્ષે Holistic Progress Card (HPC) ની વિગતોને આધારે વિદ્યાર્થીનો એક ટ્રેક રેકર્ડ તૈયાર થશે જેના આધારે વિદ્યાર્થીની પ્રગતિનું માપન તથા મૂલ્યાંકન કરવામાં આવશે તથા તે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં ખૂબ ઉપયોગી બનશે. વિદ્યાર્થીના સતત સર્વગ્રાહી પ્રગતિ પત્રક તરીકે Holistic Progress Card (HPC) શાળાકીય શિક્ષણનો અગત્યનો દસ્તાવેજ છે.

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ :- ૨૫/૦૬/૨૦૨૬
સ્થળ :- ગાંધીનગર.